# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૫ તા.૦૬-૧૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

વિષયઃ- મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના શરૂ કરવા બાબત.

સંદર્ભઃ- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃED/MIS/e-file/૩/૨૦૨૪/૪૬૮૨/R-MDM

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, મ્યુનિ. શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને બપોરના ભોજન ઉપરાંત શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલા પ્રાર્થના સમયે મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના અંતર્ગત પૌષ્ટિક અલ્પાહાર - બ્રેકફાસ્ટ નીચે જણાવેલ મેનુ મુજબ આપવામાં આવનાર છે. વિદ્યાર્થીઓને અલ્પાહાર યોગ્ય ગુણવત્તા યુકત મળી રહે તે માટે શાળાના મુખ્ય શિક્ષકને અલ્પાહાર તથા મધ્યાહન ભોજન માટે નોડલ અધિકારી તરીકે નિમવામાં આવે છે. વિદ્યાર્થીઓને પ્રાર્થના બાદ નિયમિત નાસ્તો મળી રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. નીચે જણાવ્યા મુજબનો અલ્પાહાર નિયમિત રીતે વિદ્યાર્થીઓને આપવાનો રહેશે. ભોજન સમયે મધ્યાહન ભોજન યોજનાના સ્ટાફની હાજરી નિયમિત રહે તે શાળાના મુખ્ય શિક્ષકે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના - (સી.એમ. બ્રેકફાસ્ટ સ્કીમ)**

| ક્રમ | વાર | અલ્પાહાર |
|---|---|---|
| ૧ | સોમવાર | સુખડી- ખાંડેલા સીંગદાણા સહિતની<br>(ઘઉં અથવા સ્થાનિક શ્રીઅન્ન -મીલેટ) |
| ૨ | મંગળવાર | ચણા ચાટ / મિક્ષ કઠોળ ચાટ/સ્થાનિક અન્ય ઉત્પાદિત કઠોળ ચાટ<br>(સીંગ દાણા સહિત) |
| ૩ | બુધવાર | સુખડી- ખાંડેલા સીંગદાણા સહિતની<br>(ઘઉં અથવા સ્થાનિક શ્રીઅન્ન -મીલેટ) |
| ૪ | ગુરૂવાર | ચણા ચાટ / મિક્ષ કઠોળ ચાટ/સ્થાનિક અન્ય ઉત્પાદિત કઠોળ ચાટ<br>(સીંગ દાણા સહિત) |
| ૫ | શુક્રવાર | ચણા ચાટ / મિક્ષ કઠોળ ચાટ/સ્થાનિક અન્ય ઉત્પાદિત કઠોળ ચાટ<br>(સીંગ દાણા સહિત) |
| ૬ | શનિવાર | સુખડી- ખાંડેલા સીંગદાણા સહિતની<br>(ઘઉં અથવા સ્થાનિક શ્રીઅન્ન -મીલેટ) |

બિડાણઃ- સંદર્ભિત ઠરાવ

તા.૦૬ -૧૨-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

રાજ્યમાં પીએમ પોષણ યોજના હેઠળ વિદ્યાર્થીઓને બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર આપવાની 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' શરૂ કરવા બાબત

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2024/4682/R-MDM

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા-

(૧) કમિશનર પી.એમ.પોષણ યોજનાની કચેરી,ગાંધીનગરનો તા.૧૬/૧૦/૨૦૨૪નો પત્ર ક્રમાંક-CMMS/ 0060 /10/ 2024

(૨) શિક્ષણ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક-મભય/૧૦૨૦૦૯/૧૪૯૬૨/ર

આમુખ:-

પી.એમ.પોષણ યોજના હેઠળ રાજ્યની **૩૨૨૭૭** શાળાઓના અંદાજીત સરેરાશ **૪૧ લાખ** જેટલા વિદ્યાર્થીઓને બપોરનુ ગુણવત્તાયુક્ત ભોજન આપવામાં આવે છે. સુપોષિત ગુજરાત મિશન હેઠળ રાજ્યની પોષણલક્ષી યોજનાઓને સુદઢ કરી વ્યાપ વધારવા અનેક નવા આયોજન હાથ ધરાયેલ છે.

વધુમાં રાજ્યના આદિજાતી વિસ્તારના **૫૨** તાલુકાઓ અને બિન આદિજાતી વિસ્તારના **૨૯** વિકાસશીલ તાલુકાઓની સરકારી અને ગ્રાંટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને બપોરના ભોજન ઉપરાંત દૂધ સંજીવની યોજના હેઠળ ૨૦૦ મી.લી.ગ્રામ ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. રાજ્યના ઉક્ત ૮૧ તાલુકાઓની **૧૨,૫૨૨** શાળાઓમાં નોંધાયેલા **૧૫.૦૫** લાખ વિદ્યાર્થીઓને ભોજન ઉપરાંત ગુણવત્તાયુક્ત ૨૦૦ મી.લી ફ્લેવર્ડ મિલ્ક આપવાની દૂધ સંજીવની યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ-૨૦૧૩ અને ભારત સરકારની માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ પી.એમ.પોષણ યોજના હેઠળ સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાના બાલવાટીકાથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓને નિયત જથ્થાનું અને નિયત કેલરી પ્રોટીન ધરાવતું બપોરનુ ભોજન આપવાનું હોય છે. સરકારી અને ગ્રાંટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને બપોરના ભોજન ઉપરાંત શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં-પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર-બ્રેકફાસ્ટ આપવા કમિશનર પી.એમ. પોષણ યોજનાની કચેરી, ગાંધીનગરના સંદર્ભ ક્રમાંક-(૧) સામેના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, રાજ્યમાં પી.એમ.પોષણ યોજના હેઠળ આવરી લેવાયેલ સરકારી અને ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓના બાલવાટીકાથી ધોરણ-૮ સુધીના અંદાજીત સરેરાશ ૪૧ લાખ જેટલા વિદ્યાર્થીઓને બપોરના ગુણવત્તાયુક્ત ભોજન ઉપરાંત મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના- (સી.એમ.બ્રેકફાસ્ટ સ્કીમ) હેઠળ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ એકસમાન જથ્થો અને કેલરી ધરાવતો પૌષ્ટિક અલ્પાહાર આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના-(સી.એમ. બ્રેકફાસ્ટ સ્કીમ)

| ક્રમ | વાર | અલ્પાહાર |
|---|---|---|

Signed by: RAMESHBHAI RAIJIJI THAKOR
Reason: eSign Document
Location: GANDHI NAGAR
Date: 30-Nov-2024 (12:40 PM)

eSign

File No: ED/MIS/e-file/3/2024/4682/R-Mid-Day Meal
Approved By: Principal Secretary,Primary Education and Secondary Ed
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

| | | |
|---|---|---|
| ૧ | સોમવાર | સુખડી – ખાંડેલા સીંગદાણા સહિતની<br>( ઘઉં અથવા સ્થાનિક શ્રીઅન્ન -મીલેટ) |
| ૨ | મંગળવાર | ચણા ચાટ/મિક્ષ કઠોળ ચાટ/સ્થાનિક અન્ય ઉત્પાદિત કઠોળ ચાટ<br>(સીંગ દાણા સહિત) |
| ૩ | બુધવાર | સુખડી – ખાંડેલા સીંગદાણા સહિતની<br>( ઘઉં અથવા સ્થાનિક શ્રીઅન્ન -મીલેટ) |
| ૪ | ગુરૂવાર | ચણા ચાટ/મિક્ષ કઠોળ ચાટ/સ્થાનિક અન્ય ઉત્પાદિત કઠોળ ચાટ<br>(સીંગ દાણા સહિત) |
| ૫ | શુક્રવાર | ચણા ચાટ/મિક્ષ કઠોળ ચાટ/સ્થાનિક અન્ય ઉત્પાદિત કઠોળ ચાટ<br>(સીંગ દાણા સહિત) |
| ૬ | શનિવાર | સુખડી – ખાંડેલા સીંગદાણા સહિતની<br>( ઘઉં અથવા સ્થાનિક શ્રીઅન્ન -મીલેટ) |

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ વિદ્યાર્થીઓને બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર શાળાના રસોડામાં જ તૈયાર કરી આપવા માટે નીચે મુજબ કાર્યપદ્ધતિ અપનાવવાની રહેશે.

- ચણા ચાટ/મિક્ષ કઠોળ ચાટ/સ્થાનિક અન્ય ઉત્પાદિત કઠોળ ચાટ(સીંગ દાણા સહિત) માટે નીચે મુજબ જથ્થો નિયત કરવામાં આવેલ છે તથા બજાર કિંમત મુજબ દૈનિક વિદ્યાર્થીદીઠ રકમ રૂ. ૫.૦૦ નિયત કરવામાં આવે છે.

  <u>ચણા ચાટ/મિક્ષ કઠોળ ચાટ/સ્થાનિક અન્ય ઉત્પાદિત કઠોળ ચાટ(સીંગ દાણા સહિત) (દૈનિક વિદ્યાર્થીદીઠ)</u>

  સામગ્રી- (૧) ચણા/મિક્ષ કઠોળ કે સ્થાનિક અન્ય ઉત્પાદિત કઠોળ – ૨૦ ગ્રામ – બજાર કિંમત- રૂ.૨.૦૦. (૨) સીંગતેલ – ૫ ગ્રામ – બજાર કિંમત રૂ. ૦.૯૫. (૩) આખા કાચા સીંગદાણા – ૫ ગ્રામ – બજાર કિંમત- રૂ. ૦.૭૫. (૪) ડુંગળી અને ટામેટા- ૧૦ ગ્રામ- રૂ. ૦.૮૦. (૫) બળતણ ગેસ ખર્ચ પેટે – રૂ. ૦.૫૦. કુલ દૈનિક વિદ્યાર્થીદીઠ ખર્ચની રકમ રૂ.૫.૦૦/-

- સુખડી – ખાંડેલા સીંગદાણા સહિતની( ઘઉં અથવા સ્થાનિક શ્રી અન્ન -મીલેટ) માટે નીચે મુજબ જથ્થો નિયત કરવામાં આવેલ છે તથા બજાર કિંમત મુજબ દૈનિક વિદ્યાર્થીદીઠ રકમ રૂ.૫.૦૦ નિયત કરવામાં આવે છે.

  <u>સુખડી – ખાંડેલા સીંગદાણા સહિતની ( ઘઉં અથવા સ્થાનિક શ્રી અન્ન -મીલેટ) (દૈનિક વિદ્યાર્થીદીઠ)</u>

  સામગ્રી- (૧) ઘઉં અથવા સ્થાનિક શ્રી અન્ન મિલેટનો આટો/લોટ – ૨૦ ગ્રામ – બજાર કિંમત- રૂ. ૦.૮૦. (૨) સીંગતેલ – ૧૦ ગ્રામ – બજાર કિંમત રૂ. ૧.૯૦. (૩) ખાંડેલા કાચા સીંગદાણા – ૫ ગ્રામ – બજાર કિંમત- રૂ. ૦.૭૫. (૪) ગોળ - ૧૫ ગ્રામ- રૂ. ૧.૦૫. (૫) બળતણ ગેસ ખર્ચ પેટે – રૂ. ૦.૫૦. કુલ દૈનિક વિદ્યાર્થીદીઠ ખર્ચની રકમ રૂ. ૫.૦૦/-

- જે તે જિલ્લાના કલેક્ટરશ્રી દ્વારા પૌષ્ટિક અલ્પાહાર માટે સ્થાનિક સ્વાદરૂચી અનુરૂપ કઠોળ અને ધાન્યનો પ્રકાર નિયત કરવાનો રહેશે.
- આ હેતુ માટે નિયત કરવામાં આવેલી દૈનિક ખાદ્યસામગ્રીનો ગુણવત્તાયુક્ત જથ્થો શાળામાં માનદસેવા આપી રહેલાં પીએમ પોષણ યોજનાના માનદવેતનધારક સંચાલક દ્વારા સ્થાનિક કક્ષાએ ખરીદવામાં આવશે. આ માટે નિયત કરેલી રકમ શાળાના સંચાલકને એડવાન્સ પેશગી તરીકે આપવામાં આવશે.
- પીએમ પોષણ યોજનાના માનદવેતનધારક સંચાલક દ્વારા સ્થાનિક બજારમાંથી ખરીદવામાં આવેલો જથ્થો સારી ગુણવત્તાવાળો અને પ્રમાણ મુજબનો છે, તેની શાળાના મુખ્ય શિક્ષકશ્રી કે જવાબદારી સોંપાયેલ શિક્ષક દ્વારા ખાતરી કરવાની રહેશે.

- જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,મામલતદારશ્રી અને યોજનાના તપાસણી અધિકારીશ્રીઓ દ્વારા પણ જથ્થાની ગુણવત્તા અને પ્રમાણ જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાના સુચારૂ અમલીકરણમાં ઉપયોગી થઇ શકે તે હેતુથી સ્થાનિક બજારમાં કેટલાક પ્રતિષ્ઠિત વેપારીઓ સારી ગુણવત્તાવાળો જથ્થો વેચાણ માટે ઉપલબ્ધ રાખે તે હેતુથી જિલ્લા પુરવઠા અધિકારીશ્રી/મામલતદારશ્રી દ્વારા પ્રયત્નો કરવાના રહેશે.
- મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે આપવામાં આવનાર એડવાન્સ પેશગી માટે પીએમ પોષણ યોજના માટે આપવામાં આવતી એડવાન્સ પેશગી માટે નિયત થયેલ નાણાકીય અને અન્ય નિયમો લાગુ પડશે.
- કલેકટરશ્રી દ્વારા જિલ્લાકક્ષાએ તમામ મામલતદારશ્રીઓ દ્વારા સમયસર મુખ્યમંત્રીશ્રી અલ્પાહાર યોજના માટેની જરૂરી દૈનિક વિદ્યાર્થીદીઠ નિયત કરેલ રકમ રૂ.૫.૦૦/- પ્રમાણે કુલ અંદાજીત લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા અને મહિનાના શાળા દિવસો પ્રમાણે જરૂરી રકમ પીએમ પોષણ યોજનાના માનદવેતનધારક સંચાલકને માહિનાની શરૂઆત થાય તે પહેલાં એડવાન્સ પેશગી તરીકે આપવામાં આવે તે માટે જરૂરી સૂચનાઓ આપશે તથા દર માસિક મીટીંગમાં એડવાન્સ પેશગી ચુકવાયાની તારીખ તથા યોજનાના અમલીકરણની સમીક્ષા કરવાની રહેશે.
- મામલતદાર કચેરી દ્વારા મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટેની એડવાન્સ પેશગીના ખર્ચના હિસાબો અલગથી નિભાવવાના રહેશે તથા સમયમર્યાદામાં એ.જી. રાજકોટને ડી.સી.બીલ રજુ કરવાના રહેશે. તે જ પ્રમાણે શાળા કક્ષાએ સંચાલકે પણ જરૂરી અલગ હિસાબો નિભાવવાના રહેશે, તથા સમયમર્યાદામાં મામલતદાર કચેરીમાં રજુ કરવાના રહેશે.
- જે શાળાઓમાં દુધ સંજીવની યોજના અમલમાં છે તે શાળાઓમાં ૨૦૦ ML ફ્લેવર્ડ મિલ્ક પ્રાર્થના સમયે (વર્ગમાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં) વિદ્યાર્થીઓ આરોગે તે માટે આવરી લેવાયેલ તમામ શાળોઓએ ચુસ્તતાથી અમલ કરવાનો રહેશે. આ અંગે જિલ્લા/તાલુકા કક્ષાએ દુધ પહોંચાડતા જિલ્લા દુધ ઉત્પાદક સંઘ સાથે અને GCMMF સાથે સંકલન કરી લેવાનું રહેશે. અને મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજના હેઠળનો અલ્પાહાર પીએમ પોષણ યોજનાના બપોરના ભોજન બાદની નાની રિશેષમાં પીરસવાનો રહેશે. ભોજન અને અલ્પાહાર વચ્ચે ૨ થી ૨.૩૦ કલાકનો સમયગાળો રહે તે માટે શાળા અને તાલુકા કક્ષાએ જરૂરી કાર્યવાહી કરવાનિ રહેશે. આમ, દુધ સંજીવની યોજના અમલમાં છે તે શાળાના માનદવેતનધારકોએ ભોજનની કામગીરી પછી રોકાઇને મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજના માટેની કામગીરી કરવાની રહેશે.
- સ્વૈચ્છિક સંસ્થાના સેંટ્રલાઇઝ કિચન હેઠળ આવરી લેવાયેલ શાળાઓમાં અલ્પાહાર આપવા માટે તેઓએ અલગથી ટ્રાન્સપોર્ટેશન કરવું પડે, તેથી સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત શાળાઓ માટે અલગ બીજા દિવસે નાસ્તામાં ઉપયોગ કરી શકાય તે પ્રકારની વાનગી નિયત કરવાની થાય છે. ચણા/મિક્ષ કઠોળ ચાટની જગ્યાએ સૂકા ચણા/પીનટ મસાલા ચાટ આપી શકાય. ટામેટા અને ડુંગળીની રકમનો ઉપયોગ કઠોળના વધુ જથ્થા માટે કરવાનો રહેશે. જ્યારે સુખડીનો બીજા દિવસે ઉપયોગ થઇ શકે. જે શાળામાં અગાઉના દિવસે પહોંચાડવાની રહેશે. સ્વૈચ્છિક સંસ્થાઓ માટે સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લાએ સત્વરે પરામર્શ કરી મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે નિયત થયેલી રકમ અને જથ્થો/કેલરી ધરાવતા અલ્પાહાર માટેનું મેનુ સ્વૈછિક સંસ્થા સાથે પરામર્શ કરી મેળવી લેવાનું રહેશે અને કમિશનર પીએમ પોષણ યોજનાની કચેરીમાં રજુ કરી સરકારશ્રીની મંજુરી મેળવવાની રહેશે.
- વિદ્યા સમીક્ષા કેંદ્ર ખાતેથી શાળાઓ પાસેથી મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાનો લાભ મેળવનાર વિદ્યાર્થીઓની દૈનિક વિગતો મેળવવા માટે કમિશનર પીએમ પોષણની કચેરીએ જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
- શાળાના મુખ્ય શિક્ષક દ્વારા જ મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા અને અન્ય વિગતો દૈનિક ધોરણે નિયમિત ઓનલાઇન આપવાની રહેશે.

* આ યોજનાના અમલીકરણ માટે જરૂર જણાયે કમિશનર પી.એમ. પોષણ યોજનાની કચેરી, ગાંધીનગર દ્વારા વિગતવાર સૂચનાઓ પરિપત્રિત કરવાની રહેશે.

## મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે માનદવેતનધારકોને વધારાનું માનદવેતન

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ શાળામાં વિદ્યાર્થીઓને પ્રાર્થના સમયે(વર્ગમાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં) અલ્પાહાર આપવાનો હોવાથી માનદવેતનધારકોએ શાળા શરૂ થાય તે પહેલા અલ્પાહાર તૈયાર કરવાની કામગીરી કરવાની થાય છે અને પ્રાર્થના સમયે(વર્ગમાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં) પીરસવાની કામગીરી કરવાની રહે છે. શિક્ષણ વિભાગના સંદર્ભ ક્રમાંક-(૨) સામેના તા.૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવથી પી.એમ. પોષણ યોજનાના માનદવેતનધારકોનું માનદવેતન નિયત કરવામાં આવેલ છે. ઉપર મુજબ, મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાના અમલીકરણની સાથે જ માનદવેતનધારકોના હાલ મળતા માનદવેતનમાં ૧૦૦% રાજ્ય સરકારના ફાળા હેઠળ ૫૦% જેટલો વધારો કરી નીચે મુજબ માનદવેતન નિયત કરવામાં આવે છે. શિક્ષણ વિભાગના સંદર્ભ ક્રમાંક-(૨) સામેના તા.૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવ ની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

| કેટેગરી | હાલનું માનદવેતન માસિક રૂપિયામાં | મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહારની સાથે માસિક માનદવેતનમાં ૫૦% મુજબનો વધારો રૂપિયામાં | નવું નિયત થતું માનદવેતન માસિક રૂ.માં |
|---|---|---|---|
| સંચાલક | ૩૦૦૦ | ૧૫૦૦ | ૪૫૦૦ |
| કુક કમ હેલ્પર (૨૬ કે તેથી વધુ વિદ્યાર્થી ધરાવતી શાળાઓ માટે) | ૨૫૦૦ | ૧૨૫૦ | ૩૭૫૦ |
| કુક કમ હેલ્પર (૧ થી ૨૫ વિદ્યાર્થી ધરાવતી શાળાઓ માટે) | ૧૦૦૦ | ૫૦૦ | ૧૫૦૦ |
| હેલ્પર | ૧૦૦૦ | ૫૦૦ | ૧૫૦૦ |

**શરતો –**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ કમિશનર પી.એમ. પોષણ યોજનાની કચેરી, ગાંધીનગર મારફતે કરવાનો રહેશે.

(૩) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ C M Dash Board સાથે યોજનાને Link કરવાની રહેશે.

(૪)Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૫)યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૬)પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે. કેન્દ્ર સહાયિત યોજનામાં કેન્દ્ર સરકાર ફંડ ફાળવે તે મુજબ જ

યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૭)આ અંગેના ખર્ચ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ નાણાકીય વર્ષમાં સુધારેલ અંદાજોમાં જોગવાઈ કરવાની રહેશે તેમજ આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮)આ મંજૂરી અન્વયે કરવાનો થતા ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણા વિભાગ મારફત સરકારશ્રીની તા.૨૭/૧૧/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**e-sd/-**
(આર. આર. ઠાકોર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સસચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(નાણા)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પ્રા.અને મા.શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- એકાઉટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- કમિશનરશ્રી, પી.એમ. પોષણ યોજનાની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- જિલ્લા કલેક્ટરશ્રી(તમામ જિલ્લા), કમિશનર પી.એમ. પોષણ યોજનાની કચેરી મારફત
- જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, (તમામ જિલ્લા), કમિશનર પી.એમ. પોષણ યોજનાની કચેરી મારફત
- નાણા શાખા (શિક્ષણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ/ગાંધીનગર

- નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ/ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ ઉપર મુકવા બાબત)
- સિલેકટ ફાઈલ- ૨ શાખા.

eSign
Signed by: RAMESHBHAI RAIJIJI THAKOR
Reason: eSign Document
Location: GANDHI NAGAR
Date: 30-Nov-2024 (12:40 PM)